કયારેય એને નજરઅંદાજ ન કરો.. જે તમારી ખૂબ પરવા કરતો હોય... નહીંતર એક દિવસ તમને થશે કે પથરા ભેગા કરતાં કરતાં તમે હીરો ખોઇ બેઠા
- અમૃતબિંદુ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૭૮ | ૯ સપ્ટેમ્બર, ૨૦૧૪, મંગળવાર; ભાદરવા સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## NEWS બિસ્સ

**● મુંબઈમાં ગણેશ વિસર્જનમાં એક કલાક ઢોલ વગાડવાના રૂ. ૮૦,૦૦૦**

મુંબઈમાં ગણેશ ઉત્સવ તેની ચરમસીમાએ પહોંચ્યો છે અને વિસર્જન સમયે શ્રદ્ધાળુઓ ઢોલ-ત્રાંસા સાથે વાજતે ગાજતે વિઘ્નહર્તાને વિદાય આપી રહ્યાં છે. વર્ષોથી મુંબઈમાં વિસર્જન વખતે પૂના અને નાસિકના ઢોલ વગાડનારા મંડળોની માંગ હતી. આ વર્ષે આ મંડળોની સંખ્યામાં વધારો થયો હોવા છતાં કેટલાક મંડળોએ એક કલાક ઢોલ વગાડવાના રૂપિયા ૮૦,૦૦૦ સુધી માંગ્યા હતા. આ મંડળઓમાં દોઢસો જણ સુધીનો સ્ટાફ હોય છે અને વાંજિત્રોમાં ઢોલ, લેઝીમ અને ઝાઝનો સમાવેશ થાય છે.

**● અહો વૈચિત્ર્યમ્ : દહેરાદૂનમાં બાળકો હેલ્મેટ પહેરીને ભણે છે**

તાજેતરમાં જ દેશમાં શિક્ષક દિવસની ભારે ધામધૂમથી ઉજવણી કરવામાં આવી. જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બાળકો સાથે સીધી વાત કરી હતી. ભારતમાં દહેરાદૂન પાસે એક એવી શાળા પણ છે જ્યાં બાળકો હેલ્મેટ પહેરીને ભણવા બેસે છે. દહેરાદૂનથી ૨૫ કિ.મી. દૂર દૂધલી ગામમાં આ શાળાની ઈમારત એટલી જર્જરીત થઈ ચુકી છે કે બાળકોએ ભણતી વખતે છતમાંથી પડતા પોપડાથી ઈજા ના થાય તે માટે હેલ્મેટ પહેરીને ભણવા બેસવું પડે છે.

**● ઊંટગાડી દ્વારા મોદીનું ભાષણ વિદ્યાર્થીઓ સુધી પહોંચાડાયું**

શિક્ષક દિને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શાળાના વિદ્યાર્થીઓને સંબોધન કર્યું હતું અને તેમની સાથે વાર્તાલાપ કર્યો હતો. આ વાર્તાલાપથી એક પણ શાળા વંચિત ન રહી જાય તેની પુરતી તકેદારી લેવામાં આવી હતી. રાજસ્થાનના બારમેર જિલ્લાના રણમાં દૂર આવેલા ગામોમાં ઊંટગાડી પર સેટેલાઈટ ટીવી સેટ અને મીની બેટરી-જનરેટર મોકલાવી બાળકોને જીવંત વ્યક્તવ્ય દર્શાવાયું હતું.

**આવતીકાલે રાજનાથસિંઘ ગુજરાતમાં**

ગાંધીનગર, તા. ૮

જમ્મુ-કાશ્મીરમાં પુરના કારણે ઉભી થયેલી પરિસ્થિતિને કારણે કેન્દ્રીય ગૃહમંત્રીનો ગુજરાત પ્રવાસ એક દિવસ મોડો થયો છે. તેઓ હવે ૧૦મીના રોજ ગુજરાત પ્રવાસે આવશે.

પ્રાપ્ત વિગતો મુજબ કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહ તારીખ ૯મી સપ્ટેમ્બર એટલે કે આવતીકાલથી બે દિવસના ગુજરાત પ્રવાસે આવનાર હતા. પરંતુ જમ્મુ-કાશ્મીરમાં આવેલા પુરને કારણે ઉભી થયેલી પરિસ્થિતિને કારણે કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહ જમ્મુ-કાશ્મીરના પ્રવાસે જતા તેઓ હવે ૯મીએ ગુજરાતના પ્રવાસે આવી શકશે નહી.

પ્રાપ્ત વિગતો મુજબ રાજનાથસિંહ હવે ૧૦મીએ ગુજરાતના બે દિવસના પ્રવાસે આવનાર છે તેઓ કચ્છ સરહદની મુલાકાત લઈ સરહદની સુરક્ષા અંગે સમીક્ષા કરશે. આ ઉપરાંત બી.એસ.એફ. કોસ્ટગાર્ડ અને સેનાના જવાનો અધિકારીઓ સાથે બેઠક કરીને વાર્તાલાપ કરશે.

પ્રાપ્ત વિગતો મુજબ તેઓ કચ્છના કોટેશ્વર, હરામીનામાની પણ મુલાકાત લેનાર છે તેમજ સેના અને વાયુસેનાના બસ સ્ટેશનની પણ મુલાકાત લેનાર છે.

# ગાંધીનગરમાં ધીમીધારે દિવસભર વરસાદ




(તસવીર : દિપક જાની)

## ભારે વરસાદના ઝાપટાથી માર્ગો પર પાણી ભરાયા : શહેરમાં એક ઈંચ જેટલો વરસાદ : જનજીવન પર ઘેરી અસર : શાળાઓમાં વિદ્યાર્થીઓની પાંખી હાજરી : પર્વો-પ્રસંગોમાં વરસાદના વિઘ્નની ભારે ચિંતા

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેરમાં સોમવારની વહેલી સવારથી સતત વરસાદી ઝાપટાને કારણે આખું નગર ભીનું-ભીનું રહ્યું હતું. ધીમી ધારે પડતો વરસાદ જનજીવન પર ઘેરી ઉભી કરતો હતો. સવારે શાળાએ જતા બાળકો, સવારે નોકરીએ જતા કર્મચારીઓ પર વરસાદની અસર વર્તાતી હતી. શહેરમાં સતત વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. કેટલાક સેક્ટરોમાં કાદવ-કિચડ પણ થયો હતો. વરસાદી માહોલ અને સતત રખડતા ઢોરને કારણે શહેરમાં ઠેરઠેર પુનઃ ગંદકી જોવા મળતી હતી.

વરસાદી વાતાવરણથી જીવાતના ઉપદ્રવનો પણ ભય સેવાઈ રહ્યો છે. આજે મોડીરાત સુધીમાં ૨૦ મી.મી. વરસાદ થયો હોવાનો અંદાજ છે અને હજુ બે દિવસ ભારે વરસાદની આગાહી હવામાન વિભાગ અને જ્યોતિષીઓ દ્વારા થઈ રહી છે.

ગાંધીનગર શહેર અને જિલ્લામાં સવારથી જ ધોધમાર વરસાદ શરૂ થતાં સમગ્ર વાતાવરણ ઠંડુગાર થઈ જતાં નગરજનોએ ગરમીથી રાહત મેળવી હતી. દિવસ દરમિયાન અડધો ઈંચ વરસાદ થયો હતો.

બે-ત્રણ દિવસના વિરામ બાદ આજે સવારથી જ હવામાન પલટાયુ હતુ અને ધીમી ધારે વરસાદ શરૂ થતયા બાદ થોડા સમયમાં જ શહેરમાં ધોધમાર વરસાદ થવા પામ્યો હતો. એક કલાક સુધી ધોધમાર વરસાદ વરસતા શહેરના રાજમાર્ગો પર પાણી ભરાઈ જવા પામ્યા હતા. જેના કારણે થોડો સમય માટે વાહનવ્યવહાર ખોરવાઈ જવા પામ્યો હતો.

છેલ્લા બે દિવસથી ઉકળાટ અને ગરમી પડતા નગરજનો ગરમીથી ત્રાહીમામ પોકારી ગયા હતા. જો કે આજે સવારે ધોધમાર વરસાદ થતાં સમગ્ર વાતાવરણ ઠંડુ થઈ જતાં લોકોએ ગરમીથી રાહત અનુભવી હતી.


શહેરમાં સવારે ધોધમાર વરસાદ થતાં અને હવામાન બદલાતા જાણે કે ફરીને ચોમાસુ બેઠુ હોઈ તેવો માહોલ સર્જાયો હતો. દિવસ દરમિયાન અડધો ઈંચ વરસાદ થયો હતો. જેના લીધે માર્ગો પર વરસાદી પાણી ભરાઈ ગયા હતા. મોડી સાંજે ફરી વરસાદ શરૂ થયો હતો.

ગાંધીનગરને જોડતા વાહન વ્યવહાર પર પણ વરસાદની સીધી અસર વર્તાતી હતી. ગાંધીનગરના મુલાકાતીઓની સંખ્યમાં ૫૦ ટકાથી વધુ ઘટાડો સોમવાર હોવા છતાં દેખાતો હતો.

વરસાદના સાતત્યથી નગરજનોને ઘરમાં કે ઓફીસમાં પુરાઈ રહેવું પડ્યું હતું. ખાણી-પીણી બજારમાં જવા ટેવાયેલા નગરજનો અટવાયા હતા. વરસાદથી રીક્ષા ચાલકોની ઘરાકીમાં થોડી તેજી આવી હતી. શહેરના માર્ગો પર બહુ ઓછા પ્રમાણમાં દેખાતી રીક્ષાઓ આજે દિવસ દરમિયાન વ્યાપક પ્રમાણમાં માર્ગો પર દોડતી દેખાતી હતી. તો બીજી તરફ નગરના મોટાભાગના બજારોમાં સતત વરસાદને કારણે ઘરાકીમાં મંદી વર્તાતી હતી.

આમેય સોમવાર હોવાથી નગરના મોટાભાગના બજારો બંધ પાળતા હોય છે અને વરસાદ ઉમેરાતા જાણે નગરમાં બંધનું એલાન હોય એવું અનુભવાતું હતું.

ગાંધીનગરની આસપાસના વિસ્તારોમાં પણ સતત વરસાદ હોવાના અહેવાલો મોડીરાત સુધી પ્રાપ્ત થયા હતા.




જયો જયો મા-જગદંબે - માતાજીના દર્શનની માનતા પૂર્ણ કરવા ભાદરવી પૂનમની પૂર્વ સંધ્યાએ સાડા આઠ લાખથી વધુ ભાવિકોએ માતાજીના ચરણે શીશ નમાવ્યું હતું... છેલ્લા ચાર દિવસમાં ૨૦ લાખ ભાવિકો દર્શને આવ્યા હતા. ગુજરાતના તિરૂપતિ સમાન મા-અંબાના દર્શન માટે પગપાળા, બસમાં કે પોતાના વાહનોમાં પહોંચતા યાત્રિકો ભારે શ્રદ્ધા સાથે અંબાજી પહોંચી રહ્યા છે... અગવડ-સગવડની વાત કોઈ કરતું નથી... વરસાદનું વિઘ્ન સૌને સતાવે છે... પદયાત્રીઓના પગે ફોડલા પણ પડે છે... એ કશાની પરવા વગર જીવન શ્રદ્ધાને સાકાર કરવા ભારે ભીડની વચ્ચે પોતાની જાતને મા-અંબા સમક્ષ શ્રદ્ધાપૂર્વક નમાવે છે... આ ગુજરાતની સંસ્કૃતિની પરાકાષ્ટા છે... રાજ્યભરમાંથી માઈભક્તો માતાજીના ગુણલા ગાતા-ગાતા ચાચર ચોકમાં પહોંચે છે અને ત્યાં માના જયઘોષ કરી જીવનની ધન્યતા અનુભવે છે... અંબાજીના ધામને રોશનીથી ઝળહળતું કરાયું છે... તો દિવસે ભાવિકોની ભીડથી અંબાનું ધામ ધમધમી રહ્યું છે... આમ રાત-દિવસ મંદિરની આસપાસ ભાવિકોનું શ્રદ્ધાપુર વહી રહ્યું છે... આખા અંબાજીમાં ઠેર ઠેર બોલ મારી અંબે, જય જય અંબેના જયઘોષ સાથે અંબાજીમાં પ્રવેશતા પદયાત્રીઓ જીવનના આનંદની પરાકાષ્ઠા અનુભવે છે....

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# નર્મદા બંધ છલકાયો : સાર્વત્રિક વરસાદ

## ઉપરવાસમાં ભારે વરસાદ વચ્ચે અંતે નર્મદા ડેમ ઓવરફ્લો થયો : સીઝનમાં પ્રથમ વખત ડેમ ઓવરફ્લો થતાં ખુશીનું મોજું : નર્મદા ડેમમાં પાણીની સપાટી ૧૨૪.૨૯ મીટર : રાજ્યના ૨૮ તાલુકાઓમાં ઉલ્લેખનીય વરસાદ : રાજ્યમાં હજુ ભારે વરસાદની આગાહીથી તંત્ર સાબદુ



ગાંધીનગર, તા.૮

ગુજરાતની જીવાદોરી સમાન ગણાતા નર્મદા ડેમ આજે ઓવરફ્લો થઈ જતાં ખુશીનું મોજું ફરી વળ્યું હતું. મધ્યપ્રદેશના ઈન્દિરાસાગર અને ઓમકારેશ્વર ડેમમાં પાણીની આવક વધતાં નર્મદા ડેમ છલકાયો છે. ઉપરવાસમાં ભારે વરસાદના પરિણામે નર્મદા ડેમ ઓવરફ્લો થતાં સમૃદ્ધિના દ્વાર ખુલે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. ઉપરવાસમાં ભારે વરસાદ થઈ રહ્યો છે. નર્મદા ડેમ ઓવરફ્લો થયા બાદ તેની સપાટી છેલ્લા સમાચાર મળ્યા ત્યારે ૧૨૪.૨૯ મીટર સુધી પહોંચી હતી. સવારમાં ૧૧૩૦ વાગે નર્મદા ડેમમાં પાણીની આવક જારી રહેતા ડેમની સપાટી ૧૨૧.૯૨ મીટરે પહોંચી હતી. જેથી ડેમ ઓવરફ્લો થયો હતો. બપોર બાદ તેની સપાટી ૧૨૪.૨૯ મીટર સુધી પહોંચી હતી. વર્તમાન સિઝનમાં પ્રથમ વખત નર્મદા ડેમ ઓવરફ્લો થયો છે. નર્મદા ડેમ ઓવરફ્લો થવાની નજીક અનેક વખત પહોંચ્યો હતો પરંતુ એકપણ વખત ઓવરફ્લો થવાની સ્થિતિ સર્જાઈ નહતી. આજે નર્મદા ડેમ ઓવરફ્લો થતાં ગુજરાતના લોકોમાં ખુશીનું મોજું ફરી વળ્યું હતું. સરદાર સરોવરમાં આવી રહેલા પાણીના પ્રવાહમાં ત્રણ ગણો વધારો થયો છે. સવારમાં જ નર્મદા ડેમ ઓવરફ્લો થઈ જશે તેવું ચિત્ર સ્પષ્ટ થયું હતું. બપોરના ગાળામાં નર્મદા ડેમ વિસ્તારમાં ભારે વરસાદ થયો હતો. સૌરાષ્ટ્રમાં ઘણી જગ્યાઓએ વરસાદ થયો હતો. પંચમહાલમાં સાર્વત્રિક વરસાદ થયો છે. ભરુચ અને વડોદરામાં ૩૯ ગામોને એલર્ટ રહેવા કહેવામાં આવ્યું છે. રાજયમાં વરસાદી માહોલ વચ્ચે છેલ્લા ચોવીસ કલાક દરમિયાન ૨૮ તાલુકાઓમાં નોંધનીય વરસાદ થયો છે. જેમાં ડાંગ જિલ્લાના સુબીરમાં ૮૦ મીમી એટલે કે ત્રણ ઈંચથી વધુ અને ડાંગ જિલ્લાના ડાંગમાં ૬૦ મીમી, છોટાઉદેપુર જિલ્લાના સંખેડામાં ૪૮ મીમી અને વલસાડ જિલ્લાના કપરાડામાં ૫૦ મીમી મળી કુલ ત્રણ તાલુકાઓમાં બે ઈંચથી વધુ વરસાદ વરસ્યો હોવાના અહેવાલ છે.

રાજયના ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલો મુજબ આજે સવારે ૭:૦૦ કલાકે પુરા થતા ચોવીસ કલાક દરમિયાન રાજયના છોટાઉદેપુર, ગોધરા, જાંબુઘોડા, દાહોદ, ગરબાડા, નાંદોદ, ઉચ્છલ, વ્યારા, ધરમપુર અને વાઘરા મળી કુલ ૧૦ તાલુકાઓમાં એક ઈંચથી વધુ અને અન્ય ૧૪ તાલુકાઓમાં અડધો ઈંચ કરતાં વધુ વરસાદ વરસ્યો છે. આ સાથે રાજયનો ચાલુ મોસમનો કુલ સરેરાશ વરસાદ ૭૯.૦૪ ટકા જેટલો નોંધાયો છે. જેમાં સૌથી વધુ સૌરાષ્ટ્ર રિજીયનમાં ૯૨.૦૬ ટકા જેટલો નોંધાયો છે જ્યારે કચ્છ રિજીયનમાં ૭૪.૬૦ ટકા, ઉત્તર ગુજરાતમાં ૭૫.૬૮ ટકા, પૂર્વ-મધ્ય ગુજરાતમાં ૭૨.૯૨ ટકા અને દક્ષિણ ગુજરાતમાં ૬૯.૫૯ ટકા જેટલો કુલ સરેરાશ વરસાદ વરસ્યો છે.

અમદાવાદ શહેરમાં આજે સવારથી ફરી એકવાર ભારે વરસાદ શરૂ થયો હતો. જેના કારણે જનજીવનને માઠી અસર થઈ હતી. લોકો જુદી જુદી જગ્યાએ અટવાઈ પડ્યા હતા. અમદાવાદમાં આજે સવારે બેથી ત્રણ કલાકના ગાળામાં જ પોણો ઈંચથી વધુ વરસાદ પડ્યો હતો. નરોડામાં સૌથી વધુ વરસાદ પડ્યો હતો. ઉત્તરઝોનમાં બે કલાકમાં અડધો

● અનુસંધાન પાન-૭ પર